જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૪/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૫ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૨ બિયર ટીન, ૧મોટર સાયકલ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૯૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૯૪/૧૭**

**દાણીલીમડાઃ** અમીનાબીબી વા/ઓ ઇલીયાસભાઇ દેસાઇ (રહે.એફ.અલફારૂક સોસાયટી જીવરાજપાર્ક) એ તા.૧૫/૪/૧૭ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૭ બપોરના ૪/૦૦ થી તા.૧૫/૪/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન દાણીલીમડા ગામ ઉર્દુ શાળા નંબર-૧ કોમ્પ્યુટર રૂમના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી એલ.ઇ.ડી.નંગ-૨ કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, વુફર સ્પીકર સેટ નંગ-૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને સી.પી.યુ. નંગ-૨ કિમત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૯૫/૧૭**

**માધવપુરાઃ** નિલેશભાઈ કીરીટભાઈ પંચોલી (ઉ.વ.૪૭) (રહે. બંગલા નંબર-૩ ,સાધના સોસાયટી મુસાસુહા કબસ્તાન સામે શાહીબાગ) એ તા.૧૨/૪/૧૭ સાંજના ૫/૦૦ વાગે રહેણાંક નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેધરની બેગ ચોરી કરી લઈ ગઈ છે. જે બેગમાં રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ નિલેશભાઈ પંચોલીએ તા.૧૫/૪/૧૭ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.ચૌધરી ચલાવે છે.

**વટવાઃ** અજયકુમાર ત્રીલોચન પ્રધાન (રહે.દીવ્યનગર સ્ગીવનગરની પાછળ રંગોલીનગર નારોલ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૪/૧૭ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે નારોલ બજરંગ પાન પાર્લર આગળ આવેલ ખુલ્લી જગ્યામાંથી અજાણી વ્યક્તિ લેધરની બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૬૫,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનુ મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૬/૧૭</u>**

**ઈસનપુરઃ** ઉમરાદેવી હિરાચંદ રાણાવત (ઉ.વ.૬૫) (રહે.સાંઈરાજ ગાર્ડન બિલ્ડીંગ ઇરાનીવાડી રોડ નં-૩ કાંદીવલી વેસ્ટ મુંબઈ મહારાષ્ટ્ર) તા.૧૫/૪/૧૭ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે ઇસનપુર લોટસ સ્કુલની બાજુમાં મ્યુનીસીપલ પાર્ટી પ્લોટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઉમરાદેવીના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઉમરાદેવી રાણાવતે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશયક ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૭/૧૭</u>**

**જીઆઈડીસી વટવાઃ** લીલાબહેન વા/ઓ અમરસિંહ ચૌહાણ (ઉ.વ.૪૮) (રહે. વિનોબાભાવેનગર વિંઝોલ ગામ સામે જીઆઈસીડી વટવા) તા.૧૪/૪/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ઉપર રસોઈ બનાવતા હતા ત્યારે ગેસ લિકેજ થતા ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૪/૧૭ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૮/૧૭</u>**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ (૧)** હસમુખ ઉર્ફે દિનુ જુગ્ગીલાલ સોની (ઉ.વ.૨૮) (રહે. બાબુભાઇની ચાલી હાટકેશ્વર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૫/૪/૧૭ કલાક ૩/૪૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે NID પાછળ વોક-વે ઘાટ નંબર-૧૧ નજીક ડુબી જઈ આત્મહત્યા કરી હતી. અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**(૨)** દિપક પૂનમચંદ વાઘેલા (ઉ.વ.૧૯) (રહે. કઇકોડાના છાપરા જીવરાજ બીડીવાળાની બાજુમા ગોમતીપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૧૫/૪/૧૭ કલાક ૪/૦૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે ઇવેન્ટ સેન્ટર પાછળ વોક-વે નજીક ડુબી જઈ આત્મહત્યા કરી હતી. અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** નીતાબહેન શાંતીભાઇ રાઠોડ (ઉ.વ.૩૯) (રહે, ગોપલનગર ઇશ્વરકાકાનગર સામે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૫/૪/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એ.વાઘેલા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)